# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૮ તા.૭-૯-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- સ્વામી વિવેકાનંદના ઐતિહાસિક શિકાગો વ્યાખ્યાનની ૧૨૫ મી વર્ષગાંઠ બાબત.
સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/સંકલન/૨૦૧૮/૫૪૭૯-૫૫૩૧ તા.૦૬-૦૯-૨૦૧૮

આથી મ્યુનિસિપલ શાળાના તમામ મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સ્વામી વિવેકાનંદે ઇ.સ.૧૮૯૩ ની ૧૧ મી સપ્ટેમ્બરે અમેરિકાના શિકાગો શહેરમાં વિશ્વધર્મપરિષદમાં અદભૂત અને ઐતિહાસિક વ્યાખ્યાન આપેલ હતું. આ વ્યાખ્યાન સમગ્ર વિશ્વ માટે બંધુત્વ અને સંવાદિતાના સંદેશના શાશ્વત વાહક એવા ભારતને ગૌરવ અપાવનાર રહ્યું હતું.

નવી પેઢી આ પ્રંસગથી તેમજ ભારતના સાંસકૃતિક વારસાથી અવગત થઇ પ્રેરણા મેળવે એ હેતુથી આ વ્યાખ્યાનનું તમામ પ્રાથમિક શાળાઓમાં તા.૧૧ મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ સમૂહ પ્રાર્થનામાં વાંચન કરવાનું રહેશે. આ સાથે આપેલ બિડાણમાં સ્વામી વિવેકાનંદે ઇ.સ.૧૮૯૩ ની ૧૧ મી સપ્ટેમ્બરે અમેરિકાના શિકાગો શહેરમાં વિશ્વધર્મપરિષદમાં અદભૂત અને ઐતિહાસિક આપેલ વ્યાખ્યાનની અંગ્રેજી અને ગુજરાતીની નકલ આ સાથે સામેલ છે. તે મુજબ દરેક પ્રાથમિક શાળામાં વાંચન કરાવવાનું રહેશે.

બિડાણઃ- સ્વામી વિવેકાનંદે આપેલ વ્યાખ્યાનની નકલ

તા.૭-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**નોંધ :- પરિપત્ર નં.૫૫-B તા.૪-૯-૨૦૧૮ મુજબ <u>બી.એલ.ઓ.ની કામગીરી માટેની SAT-COM દ્વારા તા.૮-૯-૨૦૧૮ના રોજ તાલીમ યોજવાની હતી પરંતુ મિશન વિદ્યાની કામગીરી હોવાથી હવેથી તા.૧૫-૯-૨૦૧૮ને શનિવારના રોજ ૧૫-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમ્યાન</u> અગાઉ જણાવેલ સમયે અને સ્થળે યોજવામાં આવશે.**

# સ્વામી વિવેકાનંદના શિકાગો વિશ્વધર્મ પરિષદમાં આપેલા સંભાષણની ૧૨૫મી વર્ષગાંઠ



અમેરિકાવાસી બહેનો અને ભાઈઓ,

તમે આપેલા ભાવભર્યા અને સહૃદય સ્વાગતનો પ્રત્યુત્તર આપવા ઊભા થતાં મારા હૃદયમાં આજે અવર્ણનીય આનંદ ઊભરાય છે. જગતના અતિ પ્રાચીન સાધુઓના વર્ગ વતી હું તમારો આભાર માનું છું; સર્વ ધર્મોની જનેતા વતી હું તમારો આભાર માનું છું; અને સર્વ વર્ગ અને સર્વ સંપ્રદાયના સેંકડો હિંદુઓ વતી હું તમારો આભાર માનું છું.

વળી, આ વ્યાસપીઠ પર આવીને જે વક્તાઓએ પૂર્વના દેશોના પ્રતિનિધિઓનો ઉલ્લેખ કરતાં આપને કહ્યું કે, દૂર દૂરની પ્રજાઓમાંથી આવેલી આ વ્યક્તિઓ સહિષ્ણુતાના આદર્શને જુદા જુદા દેશમાં પહોંચાડવા માટે બહુમાનના અધિકારી છે, તેઓનો પણ હું આભાર માનું છું. જે ધર્મે સહિષ્ણુતા અને અખિલ વિશ્વની એકતાનો બોધ દુનિયાને આપ્યો છે તે ધર્મનો અનુયાયી હોવામાં હું ગૌરવ લઉં છું. અમે કેવળ સમગ્ર વિશ્વ પ્રત્યેની સહિષ્ણુતામાં માનીએ છીએ; એટલું જ નહીં, પણ સર્વ ધર્મને સાચા તરીકે સ્વીકારીએ છીએ. અમે પૃથ્વી પરની સર્વ પ્રજાઓ અને ધર્મોના ત્રાસિતો અને નિર્વાસિતોને આશ્રય આપ્યો છે અને તે વાતનું મને અભિમાન છે. રોમન જુલમગારોએ યહૂદી ધર્મના પવિત્ર દેવળને જ્યારે તોડી પાડ્યું ત્યારે તે જ સાલમાં દક્ષિણ ભારતમાં દોડી આવનાર એમના પવિત્ર અવશેષોને અમે અમારી ગોદમાં સમાવ્યા હતા, એ વાતની આપને યાદ આપતાં હું ગૌરવ અનુભવું છું. મહાન જરથોસ્તી પ્રજાના અવશેષોને આશ્રય આપનાર અને આજ દિવસ સુધી પાળનાર ધર્મના એક અનુયાયી હોવાનું મને અભિમાન છે. ભાઈઓ! મારા બાળપણથી જે સ્તોત્રનો વારંવાર પાઠ કર્યાનું મને સ્મરણ છે અને જેનો આજે પણ સેંકડો માણસો નિત્ય પાઠ કરે છે, તે સ્તોત્રમાંનાં થોડાં ચરણો હું આપની પાસે ઉચ્ચારીશ. એમાં કહ્યું છે : જેમ જુદાં જુદાં સ્થળેથી નીકળતાં અનેક નદીઓનાં વહેણ અંતે મહાસાગરમાં જઈને સમાય છે તેમ, ઓ પ્રભુ ! જુદાં જુદાં માનસિક વલણથી સ્વીકારાયેલા ધર્મમાર્ગો ગમે તેવા ભિન્ન હોય, સરલ ય અટપટા હોય, તો પણ અંતે તો એ બધા તારા પ્રત્યે જ લઈ જાય છે.' (રૂચીનાં વૈચિત્ર્યાદ્ ઋજુ કુટીલનાના પથ જુશામ નૃણામેકો ગમ્યસ્ત્વમસિ પયસામર્ણવઇવ. - શિવ મહિમ્નસ્તોત્ર)

આવી મહત્ત્વપૂર્ણ સભા આજ પહેલાં ભાગ્યે જ મળી હશે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહેલા નીચેના અદ્‌ભુત સિદ્ધાંતનું જગત સમક્ષ એ પ્રતિપાદન અને ઉદ્‌ઘોષણા કરે છે : ગમે તે સ્વરૂપમાં જે કોઈ મારી પાસે આવે છે તે મને પામે છે. મને પામવાને મથતા સર્વ મનુષ્યોના જુદા જુદા માર્ગો અંતે મારી ભણી વળે છે.'

પંથવાદ, ધર્માંધતા અને તેમાંથી પેદા થતાં ભયંકર ધર્મઝનૂન, આ સુંદર જગતને વરસો સુધી આવરી રહેલાં છે. દુનિયાને એ ઝનૂને હિંસાથી ભરી દીધી છે અને માનવલોહીથી વારંવાર રંગી નાખી છે, સંસ્કૃતિઓનો નાશ કર્યો છે અને સમગ્ર પ્રજાઓને નિરાશામય બનાવી છે. આ ત્રાસદાયી રાક્ષસોનું અસ્તિત્વ ન હોત તો, આજના કરતાં માનવસમાજે વધારે પ્રગતિ સાધી હોત. પણ હવે એનો સમય ભરાઈ ગયો છે; અને આજે સવારે આ સભાના સ્વાગતમાં જે ઘંટારવ થયો હતો તે એક જ લક્ષ્ય તરફ જતા જુદા જુદા માનવીઓ વચ્ચે રહેલી સંકુચિત વૃત્તિઓનો, સર્વ ઝનૂનવાદોનો અને તલવાર કે કલમથી થતા સર્વ ત્રાસનો મૃત્યુઘંટ હતો, એવી આગ્રહપૂર્વક હું આશા રાખું છું.

**– સ્વામી વિવેકાનંદ**


**Ramakrishna Math, Ahmedabad**
(A subcentre of Shri Ramakrishna Ashrama, Rajkot)
A-202/203, Kalyan Towers Opp. Alpha One Mall, Vastrapur, Ahmedabad - 380015
Ph: (079) 26303409; 9123862696,
E-mail: ahmedabad@rkmm.org Web.: www.ramakrishnaah.org

# The 125th Anniversary of Swami Vivekananda's Historic Speech on 11th September, 1893 at Chicago



Sisters and Brothers of America,

It fills my heart with joy unspeakable to rise in response to the warm and cordial welcome which you have given us. I thank you in the name of the most ancient order of monks in the world; I thank you in the name of the mother of religions; and I thank you in the name of the millions and millions of Hindu people of all classes and sects. My thanks, also, to some of the speakers on this platform who, referring to the delegates from the Orient, have told you that these men from far-off nations may well claim the honor of bearing to different lands the idea of toleration. I am proud to belong to a religion which has taught the world both tolerance and universal acceptance. We believe not only in universal tolerance, but we accept all religions as true. I am proud to belong to a nation which has sheltered the persecuted and the refugees of all religions and all nations of the earth. I am proud to tell you that we have gathered in our bosom the purest remnant of the Israelites, who came to Southern India and took refuge with us in the very year in which their holy temple was shattered to pieces by Roman tyranny. I am proud to belong to the religion which has sheltered and still fostering the remnant of the grand Zoroastrian nation. I will quote to you, brethren, a few lines from a hymn which I remember to have repeated from my earliest boyhood, which is everyday repeated by millions of human beings: 'As the different streams having their sources in different places all mingle their water in the sea, so, O Lord, the different paths which men take through different tendencies, various though they appear, crooked or straight, all lead to Thee'. The present convention, which is one of the most august assemblies ever held, is in itself a vindication, a declaration to the world, of the wonderful doctrine preached in the Gita: 'Whosoever comes to Me, through whatsoever form, I reach him; all men are struggling through paths which in the end lead to Me'. Sectarianism, bigotry and its horrible descendant, fanaticism have long possessed this beautiful earth. They have filled the earth with violence, drenched it often and often with human blood, destroyed civilization and sent whole nations to despair. Had it not been for these horrible demons, human society would be far more advanced than it is now. But their time has come; and I fervently hope that the bell that tolled this morning in honour of this convention may be the death-knell of all fanaticism, of all persecutions with the sword or with the pen, and of all uncharitable feelings between persons wending their way to the same goal.

*-Swami Vivekananda*

**Ramakrishna Math, Ahmedabad**
(A subcentre of Shri Ramakrishna Ashrama, Rajkot)
A-202/203, Kalyan Towers Opp. Alpha One Mall, Vastrapur, Ahmedabad - 380015
Ph: (079) 26303409; 9123862696, E-mail: ahmedabad@rkmm.org Web.: www.ramakrishnaah.org